# જીવણપુર રોડ ઉપર દિપડો લટાર મારતો હોવાનો વિડીયો વાયરલ

## પ્રજા-ખેડૂતોમાં ભયનો માહોલ, વન વિભાગ વાયરલ વિડીયોથી દોડતું થયું

બાયડ, તા. ૧

મોડાસા તાલુકાના જીવણપુરને જોડતા રોડ ઉપર રાત્રે દિપડો દેખાયો હોવાનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો છે. અગાઉ સરડોઈ, જીવણપુર રોડ ઉપર દિપડો ફરતો હોવાની બાબતને સ્થાનિક ખેડૂતોએ સમર્થન આપ્યા બાદ કારમાં બેઠા બેઠા ઉતારેલો વિડીયો જીવણપુરના લખાણ સાથે ફરતો થતાં પ્રજા અને ખેડૂતોમાં ભયનો માહોલ ઉભો થયો છે. ત્યારે વન વિભાગ વાયરલ વિડીયોની પુષ્ટી માટે તપાસ શરૂ કરી છે.



જિલ્લાના જંગલ વિસ્તારમાં દિપડાના આંટાફેરા કાયમી જોવા મળતા હોય છે. વન વિભાગ ફૂટ પ્રિન્ટના આધારે તપાસ કરવામાં નિષ્ફળ રહેતું હોય છે. કારણ કે હિંસક પ્રાણી રોજ સ્થળ બદલતું હોવાના લીધે ઝડપથી પાંજરે પુરાતું નથી. જ્યારે સોશ્યલ મીડીયામાં અવાર નવાર દિપડાને લઈને ચર્ચાઓ પૂર જોશમાં છેડાતી હોય છે. મોડાસાના જીવણપુર વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી દિપડો આવ્યો હોવાની વાતો સાથેનો વિડીયો ફરતો થયો છે. સરડોઈ, જીવણપુર રોડ ઉપર સંભવિત રીતે દિપડો આવ્યાની વાતોને પગલે પંથકમાં ભયનો માહોલ ઉભો થયો છે. અગાઉ પણ સરડોઈ-જીવણપુર રોડ ઉપરના ભાટકોટાના સીમાડામાં દિપડાએ દેખા દીધી હતી અને કેટલાક ખેડૂતોએ પણ દિપડાની હાજરીને પુષ્ટી આપ્યા પછી ફરી જીવણપુર રોડ ઉપર દિપડો ટહેલતો હોવાનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં વન વિભાગ હરકતમાં આવ્યું છે.

### અમારી પાસે હજુ કોઈ જાણકારી નથી : આર.એફ.ઓ.

જીવણપુર રોડ ઉપર દિપડો ફરતો હોવાનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો છે ત્યારે વન અધિકારી એચ.આઈ. દેસાઈએ જણાવ્યું કે અમારી પાસે હજુ આ બાબતે કોઈ જાણકારી નથી. વાયરલ થયેલા વિડીયો અંગે તપાસ કરીશું તેમ જણાવ્યું હતું.

# સાબરકાંઠા-અરવલ્લીમાં પરોઢે ધુમ્મસ-ઠાર

## ઠંડી ગાયબ થતાં પ્રજાને રાહત, ખેડૂતોને મુશ્કેલી

બાયડ, તા. ૧

સાબરકાંઠા-અરવલ્લીમાં ફેબ્રુઆરીના આરંભે પરોઢે ધુમ્મસ-ઠાર પડતાં શિયાળો વિદાઈ લઈ રહ્યાની અટકળો છે. એકાએક ઠંડી ગાયબ થતાં પ્રજાને રાહત પરંતુ ખેડૂતોને મુશ્કેલીનો દોર શરૂ થયો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર આ વર્ષ ઓછા વરસાદથી બન્ને જિલ્લામાં જળસંકટ ઉભુ થયુ છે ત્યારે કુદરતે હાડ થીજવતી ઠંડીના ઉપરા-છાપરી રાઉન્ડ આપી પાણીનો બચાવ કર્યો છે તેમાંય ડિસેમ્બર-જાન્યુઆરીની કડકડતી ઠંડી પ્રજાને અને લગ્નના અવસર યોજનારાને કાયમી યાદગાર રહેશે પરંતુ જાન્યુઆરીના અંતીમ દિવસોમાં ઠંડીનું જોર ઘટવા સાથે દિવસ દરમ્યાન તાપમાનનો પારો ઉંચકાઈ રહ્યો છે. મંગળવારે તાપમાન ૩૦ ડીગ્રીને આંબી જતાં ઉનાળો શરૂ થયા જેવું પ્રજાને લાગ્યુ, પરંતુ સવારે ધરતી ઉપર ધુમ્મસની ચાદર પથરાઈ અને અનેક વિસ્તારોમાં ઠાર પડતાં વિચીત્ર હવામાનથી ખેતીપાકમાં રોગચાળાની દહેશત વધી ગઈ છે.

જિલ્લામાં હવામાન પલ્ટાવની આગાહી કરવામાં આવી છે તે જોતાં ખેડૂતો માટે લગ્નના અવસરમાં માવઠા વરસે તો બધી રીતે બરબાદી નોતરે તેવી સ્થિતિ પેદા થઈ છે. જિલ્લામાં તા. ૩૦ જાન્યુઆરીથી ઠંડીનું જોર ઘટવા સાથે દિવસે તાપમાનનો પારો ઉંચકાતા ગરમીના કારણે બટાટા-ચણા-જીરૂ-વરીયાળી-રાયડાના પાકમાં નુકશાનની સંભાવના વધી છે.

### ધંધૂકા હત્યાકાંડના પડઘા

# અરવલ્લી જિલ્લામાં આવેદનપત્ર અપાયાં : હિન્દુ સંગઠનોએ રસ્તા રોકતાં પોલીસ દોડતી થઈ

બાયડ, તા. ૧

ધંધૂકામાં કિશન ભરવાડની હત્યાના રાજ્યમાં ઘેરા પડઘા પડી રહ્યા છે. સોમવારે અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસામાં હિન્દુ સંગઠનોએ રસ્તા રોકી હત્યારાઓને ફાંસીના માંચડે લટકાવવાની માંગણી કરી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપતાં પોલીસ દોડતી થઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ધંધૂકાના હિન્દુ ગૌ સેવક કિશન ભરવાડ(બોડીયા)ની હત્યામાં ચોંકાવનારા ખુલાસા થતાં તપાસ ગુજરાત એ.ટી.એસ.ને સોંપવામાં આવી છે. કિશન ભરવાડની હત્યાના સૌરાષ્ટ્ર ઉપરાંત ઉત્તર ગુજરાતમાં પણ ઘેરા પડઘા પડ્યા છે. ઠેકઠેકાણે વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં હિન્દુ સંગઠનોએ ગૌ સેવકની હત્યાને સખત શબ્દોમાં વખોડી કાઢી હત્યારાઓ સામે દાખલારૂપ કાર્યવાહી કરવાની માંગ સાથે રસ્તા ઉપર બેસી ટ્રાફીક અવરોધતાં જિલ્લાની પોલીસ દોડતી થઈ ગઈ હતી. હિન્દુ સંગઠનો દ્વારા આક્રોશ રેલી યોજીને વિધર્મી હત્યારાઓને દાખલારૂપ સજા કરવાની માંગણી સાથે અરવલ્લી કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યાનું જાણવા મળ્યું છે.





# અરવલ્લી જિલ્લામાં સ્ટેમ્પ ડ્યુટીના વિકાસ કામોમાં વ્યાપક ગેરરીતી

## નબળી ગુણવત્તાનું એલ.ઈ.ડી. લાઈટનું કામ, તપાસ થાય તો એસ.ઓ., ટી.ડી.ઓ., કોન્ટ્રાક્ટરોની મિલીભગત બહાર આવે

બાયડ, તા. ૧

અરવલ્લી જિલ્લામાં સ્ટેમ્પડ્યુટીના વિકાસકામોની રૂ. ૧ કરોડથી વધુની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવી જેમાં એલ.ઈ.ડી. લાઈટના કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર આદરાયો છે જેની રાજ્ય સરકાર દ્વારા તપાસ થાય તો એસ.ઓ., તાલુકા વિકાસ અધિકારી અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતનો પર્દાફાશ થઈ શકે છે. જિલ્લામાં ગ્રાન્ટ ફાળવણી થાય કે તુરત જ ભ્રષ્ટ અધિકારી-કોન્ટ્રાક્ટરોની જુગલબંધી સામે આવે છે.

જિલ્લામાં વિકાસના કામોમાં અનહદ ભ્રષ્ટાચાર શરૂ થયો છે. માત્ર કાગળ ઉપર કામ બતાવી લાખો રૂપિયાની ગ્રાન્ટો હડપ કર્યાની ફરીયાદની તપાસમાં ભ્રષ્ટ તંત્રને રસ નથી ત્યાં જિલ્લામાં સ્ટેમ્પડ્યુટીના વિકાસ કામો માટે રૂ. ૧,૦૫,૬૦૦૦૦ની ગ્રાન્ટ ફાળવણી થઈ હતી જેમાં મોટા ભાગની ગ્રામ પંચાયતોમાં સાંઠગાંઠથી એલ.ઈ.ડી. લાઈટનું કામ કરવામાં આવ્યું છે. જેમાં ઓછા ગેઝના થાંભલા, નબળી ગુણવત્તાની લાઈટ અને ટેન્ડરની શરતો મુજબ કામ થતુ નથી છતાં બિલ મુકાય એટલે સ્થળ તપાસ કર્યા વગર એસ.ઓ., ટી.ડી.ઓ. દ્વારા ચુકવણા થયાના આક્ષેપ છે. એલ.ઈ.ડી. લાઈટના કામોમાં ૬૦ ટકાથી વધુ કોન્ટ્રાક્ટરોને નફો મળતો હોવાની લોકચર્ચા છે ત્યારે જિલ્લા વિકાસ અધિકારી, અરવલ્લી તથા રાજ્ય સરકાર દ્વારા અરવલ્લી જિલ્લાની ગ્રામ પંચાયતોમાં એલ.ઈ.ડી. લાઈટના કામોની તપાસ થાય તો 'મહા કૌભાંડ' પ્રકાશમાં આવશે તેવી ચર્ચાએ જોર પકડ્યુ છે. જ્યારે સ્ટમ્પડ્યુટીના વિકાસ કામોમાં ૧૫ ટકાથી વધુ કામો જૂના કામો ઉપર જ બતાવીને કૌભાંડ આચરવાના આરોપમાં કેટલું તથ્ય છે તેની તપાસ પણ જરૂરી છે.

# અરોડાના યુવકને વિમાન સેવાની નોકરી આપવાની લાલચ આપી ૭૮,૫૦૦ની છેતરપીંડી

ઓનલાઈન છેતરપીંડીના કિસ્સા રોજના થયા છે. સસ્તા દરે વાહનો, ચીજવસ્તુઓ તેમજ નોકરી આપવાની લાલચ આપી ઠગ ટોળકીએ લાખો રૂપિયાના છેતરપીંડીના બનાવને અંજામ આપી રહી છે. ઈડર તાલુકાના અરોડા ગામના સાગરકુમાર વસંતભાઈ શર્માને મોબાઈલ ફોનથી વિશ્વાસમાં લઈ શ્વેતાસીંગ નામની મહિલાએ ઈન્ડીગો ફ્લાઈટમાં નોકરી આપવાની લાલચ આપી જેમાં જુદી જુદી ફી ના નામે ઓનલાઈન ફોન-પે પેમેન્ટ કરવાની વાત કરવામાં આવી. યુવકને શરૂઆતમાં ૩ મોબાઈલ ફોન નંબરથી સંપર્ક કરવામાં આવ્યા પછી શરૂઆતમાં ૨૫,૫૦૦ ફી પેટે ફોન-પે થી ભરાવ્યા. ટૂંક સમયમાં જ તમને એરલાઈન્સમાં નોકરી મળી જશે તેવી વાતો સતત કરવામાં આવતાં યુવક લલચાયો અને અત્યાર સુધીમાં રૂ. ૭૮,૫૦૦ની રકમ ઠગ ટોળકીના ખાતામાં ઓનલાઈન ભરી દીધા પછી નોકરી તો દૂર પરંતુ ભરેલ નાણાં પણ પરત ન મળતાં પોતે આબાદ રીતે છેતરાયો હોવાનું જણાતાં પોલીસ ફરિયાદ આપી છે. બનાવ અંગે જાદર પોલીસે વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની પ્રજાનો તીખો પ્રેમ

## વર્ષે ૫ કરોડ રૂપિયાનું મરચુ પેટમાં પધરાવતી પ્રજા : મરચામાં રેશમપટ્ટી અને પટણીની બોલબાલા

બાયડ, તા.૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વસંતપંચમી પછી ગૃહીણીઓએ રોજીંદી રસોઈમાં અનિવાર્ય સૂકા મરચાની ખરીદી શરૂ કરી છે. જિલ્લામાં તૈયાર મરચાં પાવડરના બદલે જાતે મરચુ દરાવવામાં ગૃહીણીઓ શાણપણ માને છે અને ગરમી આવી ગઈ છે. જિલ્લામાં ગૃહીણીઓએ મરચાંની ખરીદી શરૂ કરતાં બજારમાં પટણી, તેજા, ગંટુર અને રેશમપટ્ટીને ગૃહીણીઓ પ્રથમ પસંદગી આપતી હોવાનું બજાર સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. જિલ્લામાં તૈયાર મળતા મરચા પાડવરમાં લાકડાના વેર સહિતની ભેળસેળ થવાની સંભાવનાઓથી અનેક



મરચાની સીઝનમાં સૂકા મરચાની ખરીદી કરતી હોવાથી જિલ્લામાં અત્યારે સૂકા મરચાની ખરીદી શરૂ થયાનું જાણવા મળેલ છે જો કે જિલ્લામાં પ્રજાનો તીખો પ્રેમ વધુ હોય તેમ એક અંદાજ મુજબ રૂા.૫ કરોડનું મરચું પ્રજા સીસકારો બોલાવ્યા વિના પેટમાં પધરાવી જતી હોય છે.


ભોજનમાં તીખાશ ન હોય તો સ્વાદ ફીક્કો લાગતો હોય છે. સામાન્ય રીતે ગુજરાતી ભોજનમાં ગળપણ અને ખટાશનું પ્રમાણ વધુ રહેતું હોય છે પરંતુ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની પ્રજાને તીખા તમતમતા મરચા ઉપર વધુ પ્રેમ હોય તેમ રસોઈમાં મરચાનો છૂટથી ઉપયોગ કરાતો હોય છે. જિલ્લામાં ગૃહીણીઓએ રોજીંદી રસોઈમાં ઉપયોગી એવા સૂકા મરચાની ખરીદી શરૂ કરતાં મરચા બજારમાં પરિવારો તૈયાર મરચું ખરીદતા નથી અને મરચાની સીઝન શરૂ થાય એટલે સૂકાં મરચાં ખરીદી જાતે જ મરચું દળાવતા હોય છે. જિલ્લામાં ગળપણના સ્વાદ શોખીનો કરતાં પણ તીખાશના સ્વાદ શોખીનો વધુ સંખ્યામાં હોય તેમ દર વર્ષે રૂા.૫ કરોડનું મરચું પ્રજાના પેટમાં પહોંચી જતું હોય છે. છેલ્લા કેટલાક સમયથી બજારોમાં મરચાની ખરીદી શરૂ થતાં ખાસ કરીને તીખાશ વધુ હોય તેવા સૂકા મરચાની ખરીદી વધુ થઈ રહ્યાનું જાણવા મળેલ છે. જિલ્લામાં મરચાંનું ઉત્પાદનને વેગ મળ્યો ન હોવાથી માત્ર ક્યાંક જ ખેડૂતો ઘરગથ્થું ઉપયોગ માટે મરચાંનો ઉછેર કરતા હોવાથી સીઝનમાં અન્ય જિલ્લાઓમાંથી સૂકાં મરચાં લાવીને મોટો વેપાર થતો હોય છે. ખરીદી શરૂ થતાં ભાવ ઉંચકાયા.

# કોરોના સમય, ઓનલાઈન શિક્ષણનો સદુપયોગ કર્યો

## આકરૂન્દ હાઈસ્કૂલના ધો.૧૧ કોમર્સ છાત્રોએ ગુગલ દ્વારા પોસ્ટ ઓફીસ-એલ.આઈ.સી. પ્રોજેક્ટ તૈયાર કર્યા : કોમર્સના છાત્રો માટે અત્યંત ઉપયોગી

બાયડ, તા. ૧

રાજ્યની શાળાઓમાં કોરોનાનું સંક્રમણ વધતાં ધો.૧ થી ૯ નું ઓફલાઈન શિક્ષણ બંધ છે. ધો. ૧૦ થી ૧૨ નું ઓફલાઈન શિક્ષણ ચાલી રહ્યું છે. અગાઉ કોરોના સમય દરમ્યાન શિક્ષણ કાર્ય બંધ હતું ત્યારે ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કૂલના ધો.૧૧માં અભ્યાસ કરતા કોમર્સ વિષયના છાત્રોએ ગુગલ દ્વારા પોસ્ટ ઓફીસ-એલ.આઈ.સી. પ્રોજેક્ટ તૈયાર કરતાં કોમર્સના છાત્રો માટે તે અત્યંત ઉપયોગી સાબિત થઈ રહ્યો છે.




શાળાકક્ષાએથી અનેક છાત્રો પોતાની બુદ્ધીમત્તાની પ્રતિતિ કરાવતા હોય છે. ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કૂલમાં ધો.૧૧માં અભ્યાસ કરતા તમામ છાત્રોએ પોસ્ટ અને એલ.આઈ.સી. પ્રોજેક્ટ ગુગલ મારફતે તૈયાર કરી સૌને દંગ કર્યા છે. પોસ્ટની સ્થાપના ક્યારે થઈ..?? કેવી રીતે થઈ..?? તે અંગેની રસદાર વિગતો તેમાં આપવામાં આવી છે. વિશ્વના કયા દેશમાં કયા વર્ષમાં પોસ્ટ સેવા શરૂ થઈ તેનો ચિતાર પણ ઉંડાણથી આપવામાં આવ્યો છે. જ્યારે લાઈફ ઈંસ્યુરન્સ કંપનીથી સૌ કોઈ પરિચિત છે પરંતુ એલ.આઈ.સી.ના ભીતરમાં ઉંડાણથી શું રહેલું છે તેની જાણકારી પણ પ્રોજેક્ટ મારફતે આપવામાં આવી છે. ધો.૧૧-૧૨ કોમર્સના છાત્રો માટે કોરોનાના કપરા કાળમાં ઘેર બેઠાં શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ માટે આકરુન્દ હાઈસ્કૂલના છાત્રોના આ બંને પ્રોજેક્ટ ખુબ વખણાઈ રહ્યા છે. એલ.આઈ.સી.ના પ્રોજેક્ટમાં કોણ પોલીસી ખરીદી શકે છે અને તેના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સથી માંડી તમામ ઉંડાણપૂર્વકની વિગતો આપવાનો છાત્રોએ પ્રયાસ કર્યો છે. આકરુન્દ હાઈસ્કૂલના ઉચ્ચત્તર વિભાગના શિક્ષિકા જલ્પાબેન ગોહીલે જણાવ્યું કે વિદ્યાર્થીઓએ ગુગલ મારફતે બંને પ્રોજેક્ટ તૈયાર કર્યા છે અને બન્ને વિદ્યાર્થીઓ દ્વારા હાલમાં બેન્ક અને કંપની પરના પ્રોજેક્ટ બનાવવાની શરૂઆત કરી છે. વિદ્યાર્થીઓના કોરોના કાળમાં જોવા મળેલા ટેલેન્ટને શાળાના આચાર્ય જે.ડી. ભાટી સહિત ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના સ્ટાફે બિરદાવ્યો હતો.

### કોમર્સના છાત્રો માટે ઉપયોગી

આકરુન્દ હાઈસ્કૂલના ધો.૧૧ કોમર્સમાં અભ્યાસ કરતા છાત્રોએ ગુગલના માધ્યમથી પ્રોજેક્ટના વિડીયો બનાવ્યા છે. જેનાથી વિદ્યાર્થીઓને તેમના વિષયમાં યાદ રાખવું આસાન થઈ જશે. જે શાળાઓમાં કોમર્સના શિક્ષકોની અછત છે તેવા છાત્રો માટે પણ આ વિડીયો પ્રોજેક્ટ આશીર્વાદરૂપ બન્યા છે.

# બાયડ કોર્ટે ચેક પરત ફરવાના કેસમાં ૧ વર્ષની સાદી કેદની સજા ફરમાવી

બાયડ કોર્ટે મોટીદેરોલી ગૃપ સેવા સહકારી મંડળીમાંથી ધિરાણ મેળવનાર ખેડૂતે ધિરાણ સમયસર નહીં ભરી અને આપેલ ચેક પરત ફરતાં કેસ બાયડના એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતાં આરોપી ખેડૂતને ધી મોટીદેરોલી ગૃપ સેવા સહકારી મંડળીને રૂ. ૬૩,૩૦૨ ની ચેકની રકમ વળતર તરીકે ચૂકવવા અને ચેક પરત ફરવાના કેસમાં ગુનેગાર ઠેરવી ૧ વર્ષની સાદી કેદની સજા તથા ૨૦૦૦નો દંડનો આદેશ કર્યો છે.

દેરોલી ગામના બળવંતસિંહ પ્રતાપસિંહ રાઠોડ (સોલંકી)એ ધી મોટીદેરોલી ગૃપ સેવા સહકારી મંડળીમાંથી તા. ૧૮-૫-૨૦૧૬ના રોજ તેમના ખાતા મારફતે ધિરાણ મેળવ્યું હતું અને વ્યાજ સહિત રૂ. ૬૩,૩૦૨ બાકી નિકળતા હતા. જે અંગે ધી મોટીદેરોલી ગૃપ સેવા સહકારી મંડળી દ્વારા બાકી લ્હેણી રકમ પેટે માંગ કરતાં ખાતાનો બેન્કનો ચેક આપ્યો હતો પરંતુ બેન્કમાં ભરણામાં ગયેલો ચેક અપૂરતા બેલેન્સના કારણે પરત ફરતાં મંડળી દ્વારા તેમના એડવોકેટ ધૈર્યકુમાર આર. પટેલ મારફતે બાયડ કોર્ટમાં કેસ દાખલ થયો હતો જે એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કુ.ભારતી ગોવિંદભાઈ રાઠોડ સમક્ષ ચાલી જતાં આરોપી બળવંતસિંહ પ્રતાપસિંહ રાઠોડ(સોલંકી) (રહે. દેરોલી)ને કલમ-૨૫૫(૨) અન્વયે વટાઉ ખત અધિનિયમ-૧૮૮૧ની કલમ-૧૩૮ના ગુના સબબ તક્સીરવાર ઠેરાવી ૧ વર્ષની સાદી કેદની સજા તથા રૂ. ૨૦૦૦ નો દંડ કરવામાં આવ્યો હતો.

# હિંમતનગર સબજેલમાં પોક્સોના આરોપીનો એસિડ પી આપઘાતનો પ્રયાસ

બાયડ, તા. ૧

હિંમતનગર સબજેલમાં પોક્સોના આરોપસર બંધ કેદીએ એસિડ પી આપઘાતનો પ્રયાસ કરતાં ખળભળાટ મચ્યો છે. જેલમાં કેદીએ સફાઈ કામદારોની નજર ચૂકવી એસિડ મેળવ્યા બાદ ગટગટાવી લેતાં તંત્ર સામે અનેક સવાલ ઉભા થયા છે. જ્યારે એસિડથી પીડાતા આરોપીને તાત્કાલિક સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પોક્સોના આરોપી માધવભાઈ કાંતિભાઈ પરમાર (રહે. પરબડા, હિંમતનગર)ને હિંમતનગર સબજેલમાં રાખવામાં આવ્યો હતો. ૪ મહિનાથી આરોપી જેલમાં અટકાયત હેઠળ હતો પરંતુ ગત રોજ તેણે કોઈપણ કારણોસર આત્મહત્યા કરવાનો નિર્ણય લીધો જેમાં જેલમાં શૌચાલય સાફ કરવા માટે ઉપયોગમાં લેવાતા એસિડ પી જીવનનો અંત આણવાનો પ્રયાસ કરતાં જેલ સત્તાવાળાઓ હચમચી ગયા હતા. આત્મહત્યાનો પ્રયાસ કરનાર આરોપીને તાત્કાલિક સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો પરંતુ આ સાથે જેલમાં કેદીઓની સુરક્ષા સામે પણ અનેક સવાલ ઉભા થયા છે. હિંમતનગર સબજેલમાં પોક્સોના આરોપીએ એસિડ ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. સબજેલર આર.એસ. ડામોરે જણાવ્યું કે જેલમાં શૌચાલયોની એસિડથી નિયમિત સફાઈ થતી હોય છે જે દરમ્યાન આરોપીએ સફાઈ કર્મીઓની નજર ચૂકવી એસિડ મેળવી લીધું જે અંગેની તપાસ ચાલુ છે.